# મોદી કેબીનેટમાં પારિકર બન્યા રક્ષા મંત્રી



નવી દિલ્હી, તા.૧૦

દેશની કેન્દ્રીય કેબીનેટમાં માત્ર વિસ્તાર જ કરવામાં નથી આવ્યો પરંતુ તેમાં ભારે ફેરફાર પણ કરવામાં આવ્યા છે. ગોવાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર પારિકરને રક્ષામંત્રી, સુરેશ પ્રભુને રેલવે મંત્રી, વિરેન્દ્ર સિંહને ગ્રામીણ વિકાસ અને જેપી નડ્ડાને સ્વાસ્થ્ય મંત્રી બનાવવામાં આવ્યા છે.

ડો. હર્ષવર્ધન અને સદાનંદ ગૌડાના મંત્રાલય બદલી દેવામાં આવ્યા છે. પ્રકાશ જાવડેકર અને રવિશંકર પ્રસાદ પાસેથી વધારાની જવાબદારી પાછી લઈ લેવામાં આવી છે. હર્ષવર્ધન હવે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયની જવાબદારી સંભાળશે. રવિશંકર પ્રસાદ પાસેથી કાયદા મંત્રાલય લઈને સદાનંદ ગૌડાને આપી દેવામાં આવ્યું છે. પ્રસાદ હવે સંચાર મંત્રી છે. પ્રકાશ જાવડેકરને હવે વન, પર્યાવરણ અને જલવાયુ મંત્રાલય સોંપવામાં આવ્યું છે.

અરુણ જેટલી હવે નાણાની સાથે કોર્પોરેટ અને સુચના પ્રસારણ મંત્રાલયની વધારાની જવાબદારી સંભાળશે. ચૂંટણી પહેલા આરજેડી છોડી બીજેપીમાં આવેલા રામકૃપાલ યાદવને પાણી અને સ્વચ્છતા મંત્રાલય સોંપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ ભવન તરફથી રજૂ કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કેન્દ્રીય મંત્રીમંડળની નવી યાદીમાં રવિવારે ૪ નવા કેબિનેટ, ૩ રાજયમંત્રી (સ્વતંત્ર પ્રભાર) અને ૧૪ રાજયમંત્રીઓએ શપથ લીધા હતા.

## કાનીમોઝી સામે વોરંટ રદ

નવી દિલ્હી,તા. ૧૦

નવી દિલ્હીની ખાસ અદાલતે ડીએમકેના સાંસદ કાનીમોઝી સામે બીનજામીનપાત્ર વોરંટ જારી કર્યા બાદ કલાકોના ગાળામાં જ તેને ફરી રદ કરી દેવાનો આદેશ કર્યો હતો. ટુજી કેસમાં આજે નાટ્યાત્મક ઘટનાક્રમ જોવા મળ્યો હતો. ઉપસ્થિત નહીં રહેવા બદલ ટુજી સ્પેક્ટ્રમ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલા કાનીમોઝી સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કરાયું હતું. પરંતુ એક કલાક બાદ જ આને રદ કરી દેવામાં આવ્યું હતું. કાનીમોઝીના વકિલે ઉપસ્થિત રહીને માફી માંગી હતી. સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સેનીએ ૧૯મી ડિસેમ્બર માટે કાનીમોઝી સામે બિનજામીન પાત્ર વોરંટ જારી કરી દીધું હતું. જોકે ત્યારબાદ તેમના વકિલ ઉપસ્થિત થઈ ગયા હતા. ૧૧.૩૦ વાગ્યે કોર્ટમાં કાનીમોઝી અથવા તો તેમના વકીલ ઉપસ્થિત રહ્યા નહતા. જેના કારણે વોરંટ જારી કરાયું હતું. મોડેથી ૧૨.૨૫ વાગ્યે કાનીમોઝીના વકીલ ઉપસ્થિત થઈ ગયા હતા અને માફી માંગી હતી જેથી એનબીડબલ્યુને રદ કરવાનો આદેશ કરાયો હતો.



## કેબિનેટ વિસ્તરણમાં દિલ્હીને પ્રતિનિધીત્વ ન અપાતા ચર્ચા

નવી દિલ્હી,તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કેન્દ્રિય કેબિનેટનુ પ્રથમ વખત વિસ્તરણ કર્યું હતુ. વિસ્તરણ વેળા ગુજરાત, રાજસ્થાન, પંજાબ, બિહાર અને ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યમાંથી ચહેરાઓને સામેલ કરવામાં આવ્યા હતા પરંતુ દિલ્હીમાંથી કોઈને સામેલ ન કરવામાં આવતા તર્ક વિતર્કનો દોર રાજકીય વર્તુળોમાં જોવા મળે છે. દિલ્હીના હિસ્સામાં કઈ ન આવતા કેટલાક દિલ્હીના ટોપના નેતાઓ પણ આશ્ચર્યચકિત છે. કારણ કે દિલ્હીમાં ટુંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. દિલ્હીમાંથી હાલ માત્ર હર્ષવર્ધન કેબિનેટમાં છે. અન્ય કોઈ પણ સાંસદનો મંત્રી બનાવ માટે આમંત્રણ અપાયુ ન હતુ. ગઈ લોકસભાની ચૂંટણીમાં દિલ્હીમાંથી ભાજપના તમામ સાતેય સાંસદો જીત્યા હતા. ઉલ્લેખનીય છે કે સાતેય સાંસદો પ્રથમ વખત જીત્યા હતા. જો કે આમાંથી માત્ર હર્ષવર્ધનને જ દિલ્હીમાં પ્રધાન રહેવાનો અનુભવ હતો. તેઓ પાંચ વખતના ધારાસભ્ય પણ છે. તેઓ પહેલાથી જ મોદીની નજરમાં હતા. તેમને પ્રથમ જ તબક્કામાં પ્રધાન બનાવી દેવામાં આવ્યા હતા.ત્યારબાદ ગઈકાલે કરવામાં આવેલા વિસ્તરણમાં કોઈને તક આપવામાં આવી ન હતી.

દિલ્હીમાં ભાજપના નજે નેતાઓને મંત્રી તરીકે રહેવાનો અનુભવ છે તેમાં મદનલાલ ખુરાના, વિજય કુમાર મલહોત્રા અને વિજય ગોયલનો સમાવેશ થાય છે. ખુરાનાની તબિયત છેલ્લા કેટલાક સમયથી ખરાબ છે. મલહોત્રા કોઈ પણ ગૃહના સભ્ય તરીકે નથી. વિજય ગોયલ રાજસ્થાનમાંથી રાજ્યસભાના સભ્ય છે. દિલ્હીમાં ટુંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે.

## ડોલરની સામે રૂપિયો ૬૧.૪૯ની સપાટીએ

મુંબઈ,તા. ૧૦

અમેરિકામાં જોબ સાથે સંબંધિત નવેસરના આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર ભારતીય બજાર પર પણ થઈ હતી. રૂપિયો વધુ મજબુત બન્યો હતો. અમેરિકાના જોબના આંકડા જારી કરવામાં આવ્યા બાદ ડોલર નબળો પડ્યો હતો. ઉભરતા માર્કેટમાં જુદા જુદા ચલણમાં સ્થિતિ બદલાઈ હતી. રૂપિયો પણ વધારે સુધર્યો નહતો. જોકે, અંતે તેની સ્થિતિ મજબુત રહી હતી માર્કેટમાં સીપીઆઈ આંકડાને લઈને ધ્યાન કેન્દ્રીત કરાયું છે. આજે કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૬૧.૪૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે શુક્રવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૧.૬૪ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન રૂપિયો ૬૧.૬૭ની ઉંચી સપાટીએ રહ્યો હતો. અગાઉની સીઝનમાં તેની સૌથી નીચી સપાટી ૧૭મી ઓક્ટોબર બાદ નોંધાઈ હતી. અમેરિકામાં કંપનીઓએ ગયા મહિનામાં ૨૧૪૦૦૦ લોકોને નવી નોકરી આપી છે. આ આંકડાની અસર પણ સીધી રીતે જોવા મળી હતી. વિદેશી રોકાણકારોએ નવેમ્બર મહિનાની ૧.૨ અબજ ડોલરની કિંમતના શેરની ખરીદી કરી છે જેના લીધે ૨૦૧૪માં હજુ સુધી મૂડી પ્રવાહનો આંકડો ૧૪.૮૯ અબજ ડોલર રહ્યો છે.

## કેન્દ્રિય કેબિનેટમાં ફેરફાર બાદ હવે ભાજપ સંગઠનમાં પણ ફેરફાર

નવી દિલ્હી,તા. ૧૦

નરેન્દ્ર મોદી કેબિનેટમાં વ્યાપક ફેરફાર કરવામાં આવ્યા બાદ હવે ભાજપ સંગઠનમાં પણ મોટા પાયે ફેરફાર કરવાની તૈયારી કરવામાં આવી છે. ટુંક સમયમાં જ ફેરફાર કરાશે. આશરે ૧ચાર મહિના જુની અમિત શાહની ટીમમાં ફેરફારની ગણતરી શરૂ કરવામાં આવી ચુકી છે. આના માટે કેટલાક કારણ છે. પ્રથમ કારણ એ છે કે મોદી કેબિનેટના પ્રથમ વિસ્તરણના ભાગરૂપે જે ૨૧ ચહેરાઓને જગ્યાઓ આપાવમાં આવી છે તે પૈકી પાંચ સંગઠનમાં મહત્વપૂર્ણ હોદ્દા પર હતા. આનો મતલબ એ થયો કે જો પાર્ટી એક વ્યક્તિ એક હોદ્દાના સિદ્ધાત પર આગળ વધશે તો આ પાંચેય મંત્રીઓની જગ્યાએ સંગઠનમાં નવા લોકોને સામેલ કરવા પડશે. આમાં રાજીવ પ્રતાપ રૂડી આંધ્રપ્રદેશના પ્રભારી છે. જ્યારે રામ શંકર કઠેરિયા છત્તિસગઢ અને પંજાબના જ્યારે જેપી નડ્ડા રાજસ્થાન અને મહારાષ્ટ્રના પ્રભારી તરીકે હતા. સંગઠનમાંથી જે પાંચ નેતાઓને પ્રધાનમંડળમાં સામેલ કરવામાં આવ્યા છે તેમાં જેપી નડ્ડા, રાજીવ પ્રતાપ રૂડી, મુખ્તાર અબ્બાસ નકવીનો સમાવેશ થાય છે. આમાં નકવી પાર્ટીના નાયબ અધ્યક્ષ પણ છે. તેમની પાસે દેશભરમાં પાર્ટી માટે ચૂંટણીની જવાબદારી રહી છે. મેનેજમેન્ટની જવાબદારી રહી છે. તેમની સાથે જ પાર્ટીના બીજા નાયબ અધ્યક્ષ દત્તાત્રેયને પણ સ્વંતત્ર હવાલો સોંપવામાં આવ્યો છે. જેથી ૧૧ પૈકી નાયબ અધ્યક્ષના બે હોદ્દા ખાલી થયા છે. અમિત શાહને બે નાયબ અધ્યક્ષની જગ્યા ભરવી પડશે. આવી જ રીતે મોદી કેબિનેટમાં ત્રણ મહાસચિવોને પણ લાવવામાં આવ્યા છે. જેમાં જગત પ્રકાશ નડ્ડાનો સમાવેશ થાય છે. નડ્ડા માત્ર જનરલ સેક્રેટરી નથી બલ્કે બે મહિના પહેલા તેમને પાર્ટીની સંસદીય બોર્ડમાં પણ જગ્યા અપાઈ હતી.

## બિરલા-પારેખને આવરી લેતા કેસમાં પુરતા પુરાવા છે : સીબીઆઈ

નવી દિલ્હી,તા. ૧૦

દેશના ટોચના ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, ભૂતપૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્યોને આવરી લેતા સનસનાટીપૂર્ણ કોલસા બ્લોક ફાળવણી કેસમાં ક્લોઝર રિપોર્ટ રજુ કરી ચુકેલી તપાસ સંસ્થા સીબીઆઈએ આજે યુ ટર્ન લઈને ખાસ અદાલતમાં કહ્યું હતું કે, આરોપીઓ સામે પુરતા પ્રમાણમાં પુરાવા રહેલા છે. સીબીઆઈએ એમપણ કહ્યું હતું કે, કુમાર મંગલમ બિરલા સામે પણ પુરતા પુરાવા રહેલા છે. સીબીઆઈના આ ઘટસ્ફોટથી કોર્પોરેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગુનાની નોંધ લેવા માટે પુરાવા હોવાની વાત આજે કરવામાં આવી હતી. અગાઉ આ જ સીબીઆઈએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે બિરલા સામે કોઈ પુરાવા નથી અને ક્લોઝર રિપોર્ટ પણ દાખલ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ તરફથી નિયુક્ત ખાસ સરકારી વકિલ આરએચ ચિમાએ સીબીઆઈ કોર્ટના જજ ભારત પડાસરની સામે રજુઆત કરી હતી અને કહ્યું હતું કે, એવું લાગે છે કે, આરોપીઓ સામે પ્રાથમિક પુરાવા રહેલા છે જે તેમની સંડોવણી દર્શાવે છે. બિરલાની સંડોવણી સાબિત કરે તેવા પુરાવા હોવાની વાત કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. કોર્ટે આ મામલાની સુનાવણી હવે ૨૫મી નવેમ્બરના દિવસે હાથ ધરવા કહ્યું છે.





ક્લોઝર રિપોર્ટ ઉપર વલણ સ્પષ્ટ કરવા માટે પણ સીબીઆઈને કહેવામાં આવ્યું છે. ચિમા અને સીબીઆઈના પ્રોસીક્યુટર વીકે શર્મા તથા એપી સિંહ દ્વારા રજુઆત કરવામાં આવ્યા બાદ તથા તેમની દલીલો પર સુનાવણી ચલાવ્યા બાદ સીબીઆઈના ક્લોઝર રિપોર્ટ ઉપર વિચારણા કરવા ૨૫મી નવેમ્બરની તારીખ નક્કી કરી હતી. સીબીઆઈના આ વલણને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.કેસ સાથે સંબંધિત દસ્તાવેજો પણ હવે રજુ કરાયા છે. સુનાવણી દરમિયાન ચિમાએ કહ્યું હતું કે, અમે ક્લોઝર રિપોર્ટ અંગે નોંધ લેવાની વાત કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૧મી ઓક્ટોબરના દિવસે સીબીઆઈએ સર્વગ્રાહી અને વિસ્તૃત સુધારેલો અહેવાલ રજુ કર્યો હતો. આ અંતિમ ક્લોઝર રિપોર્ટ કોર્ટ સમક્ષ રજુ કરાયો હતો. સીબીઆઈ દ્વારા ગયા વર્ષે ઓક્ટોબરમાં બિરલા, પારેખ અને અન્યો સામે એફઆઈઆર દાખલ કરી હતી. જેમાં આક્ષેપ કરાયો હતો કે પારિખે માન્યઆધાર વગર મહિનાઓની અંદર હિન્દાલકોને કોલસા બ્લોકની ફાળવણી ફગાવી દેવાના નિર્ણયને સુધાર્યો હતો અને પોતાનું વલણ બદલ્યું હતું.આ એફઆઈઆર વર્ષ ૨૦૦૫માં તાલાબિરા-૨ અને ૩ કોલસા બ્લોકની ફાળવણી સાથે સંબંધિત છે.

**નવા સંરક્ષણમંત્રી પારિકરનો મત**

## સેનાને મજબુત કરવા સમયસર કામ કરાશે

નવી દિલ્હી, તા. ૧૦

નવા સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે કહ્યું હતું કે, સશસ્ત્ર દળોને મજબુત કરવા તમામ કામને સમયસર પૂર્ણ કરવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરશે. લખનૌમાંથી રાજ્યસભા માટે મનોહર પારિકરે ઉમેદવારી પત્ર દાખલ કર્યા હતા. રાજ્યસભાની ચુંટણી લડવા માટે તેઓ કમરકસી ચુક્યા છે. પારિકરે કહ્યુ હતું કે, મંત્રાલય સાથે સંપૂર્ણપણે આગળ વધવા માટે તેમને થોડોક સમય જોઈશે. પોતાના ખાતાની જવાબદારીને સંભાળી લીધા બાદ તેમણે કહ્યું હતું કે, તમામ કામ સમયસર પૂર્ણ કરવામાં આવે તેમ તે ઈચ્છે છે. સંરક્ષણ દળો મારફતે ભારતને મજબુત કરવાની જે કંઈપણ જરૂરીયાત છે તેને નિર્ધારીત સમયમાં પૂર્ણ કરાશે. નવા સંરક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, ભારત તમામ હરિફ દેશોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સંરક્ષણ મંત્રી તરીકે તેમની પાસે જે કંઈપણ સેનાને મજબુત કરવાની વાત આવશે તેને આગળ વધારશે. સૌથી પહેલા તેઓ તેમના વિભાગને યોગ્ય રીતે સમજવાનો પ્રયાસ કરશે. ચુંટણી અંગે વાત કરતા પારિકરે કહ્યુ હતુ કે, રાજ્યસભામાં ઉત્તરપ્રદેશનું પ્રતિનિધિત્વ કરવામાં તેમને ખુશી અનુભવ થઈ રહી છે. આ રાજ્યમાંથી અનેક મોટા નેતાઓ છે. ભગવાન રામની આ ભૂમિ રહેલી છે જેની સાથે ઘણા ઈતિહાસ જોડાયેલા છે. તેઓએ ધારાસભ્યો, પાર્ટી અને ઉત્તરપ્રદેશના લોકોનો આદેશ માન્યો હતો. મનોહર પારિકરને ગઈકાલે કેન્દ્રીય કેબિનેટમાં સામેલ કરાયા હતા. પારિકર ગોવાના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપીને કેન્દ્રીય કેબિનેટમાં જોડાયા છે.

## એરઈન્ડિયાના ખાનગીકરણ માટે શક્યતા નકારી ન શકાય

નવી દિલ્હી, તા. ૧૦

નાગરીક ઉડ્ડયન પ્રધાન ગજપતિ રાજુએ આજે કહ્યું હતું કે, નેશનલ કેરિયર એર ઈન્ડિયાનું ખાનગીકરણ હાલમાં તાત્કાલિક ધોરણે કરવામાં આવશે નહીં પરંતુ નજીકના ભવિષ્યમાં તેના ખાનગીકરણની શક્યતાને નકારી શકાય નહીં. તેમણે કહ્યું હતું કે, આ સંદર્ભમાં જુદા જુદા વર્ગો તરફથી પ્રતિક્રિયા મેળવવામાં આવી રહી છે. પ્રધાને કહ્યું હતું કે, એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને નેશનલ હેલિકોપ્ટર કંપની પવનહંસ શેરબજારમાં લિસ્ટેડ થશે પારદર્શકતા અને અસરકારક્તા સુધારવા માટે તે સુધારો થશે.પ્રધાને એમપણ કહ્યું હતું કે, ઘણી બધી દરખાસ્તો મળી રહી છે. એએઆઈ અને પવન હંસના લિસ્ટીંગ માટેની દરખાસ્ત તૈયાર કરી લેવામાં આવી છે. મુસદ્દા નાગરીક ઉડ્ડયન નિતીમાં ઘણા ફેરફાર કરાઈ રહ્યા છે.

રાજુએ કહ્યું હતું કે, એર ઈન્ડિયા માટે ભાવિ રૂપરેખા તૈયાર કરવા એક નિષ્ણાંત સમિતિની રચના કરવામાં આવશે. પ્રધાને એમપણ કહ્યું હતું કે, નેશનલ કેરીયર તેની સંપૂર્ણ તાકત સાથે આગળ વધે તેમ અમે ઈચ્છીએ છીએ. મિશન મોડ પ્રોજેક્ટ પણ સ્થાપિત કરવામાં આવશે. ખર્ચ અસરકારક્તાની દૃષ્ટીએ કંપની આગળ વધે તેવો હેતુ છે. એએઆઈ ૧૨૫ એરપોર્ટને મેનેજ કરે છે જેમાં ૧૧ આંતરરાષ્ટ્રીય અને ૮૧ સ્થાનિક તથા ૮ કસ્ટમ એરપોર્ટ છે. તે ડિફેન્સ એરફિલ્ડમાં ૨૫ને મેનેજ કરે છે. તેમણે કહ્યું હતું કે, એઆઈના ખાનગીકરણને લઈ ફરી ચર્ચા શરૂ થઈ છે.

## ઝારખંડમાં ચુંટણી વેળા વ્યાપક હિંસાની દહેશત

રાંચી,તા. ૧૦

ઝારખંડમાં વિધાનસભાની ચુંટણી પાંચ તબક્કામાં યોજાનાર છે. વિધાનસભાની ચુંટણીને રક્ત રંજિત બનાવવાની તૈયારી માઓવાદીઓ દ્વારા કરી લેવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. મોટાપ્રમાણમાં ડિટોનેટર્સ અને પ્રેસર કુકરના પરિણામ સ્વરૂપે એવું જાણવા મળી રહ્યું છે કે, માઓવાદીઓ ચુંટણીમાં ખલેલ પહોંચાડી શકે છે. થોડાક સમય પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ઝારખંડમાં ચુંટણી દ્વારા હિંસા થઈ શકે છે તેવા અહેવાલ આપ્યા હતા. ચુંટણીપંચની નજર પણ હવે કેન્દ્રીત થઈ ગઈ છે. માઓવાદીઓની ગતિવિધી ઉપર નજર રાખવી સરળ રહેશે નહીં. પહેલાથી જ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી રહ્યા છે.

## રેલવેના ચહેરાને સંપૂર્ણપણે યાત્રીલક્ષી બનાવાશે : પ્રભુ

નવી દિલ્હી, તા. ૧૦

રેલવે પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ કેન્દ્રિય પ્રધાન સુરેશ પ્રભુએ આજે કહ્યું હતું કે, રેલવે યાત્રીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવામાં આવશે. રેલવે યાત્રીઓને સંપૂર્ણ સંતોષ મળે તેની ખાતરી કરવામાં આવશે. સદાનંદ ગૌડાની જગ્યાએ રેલવે પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, ભૂતકાળમાં રેલવેને ચલાવવામાં ઘણા બધા પડકારોનો સામનો અમે કરી ચુક્યા છે. અમારી પાસે શક્તિ રહેલી છે પરંતુ આ શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરવામાં આવ્યો નથી. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાને એવો નિર્ણય કર્યો છે કે, રેલવેની સ્થિતિ બદલાઈ જવી જોઈએ. અમારા બે મુખ્ય ધ્યાન રહેશે જેમાં પ્રથમ ધ્યાન યાત્રીઓની સેવા અને રેલવે યાત્રીઓની સુરક્ષા રહેશે. તેમણે એમપણ કહ્યું હતું કે, સરકારમાં લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે આવી સ્થિતિમાં રેલવેને અતિ ઝડપથી આધુનિક બનાવવાની સાથે-સાથે રેલવે ઉપર વધુ ધ્યાન અપાય તે જરૂરી છે. સમયસર તમામ કરવાની જરૂર છે. કોઈપણ જાહેરાત માત્ર જાહેરાત સુધી મર્યાદીત ન રહે તેવો મુખ્ય હેતુ છે. પ્રભુએ કહ્યું હતું કે, અર્થતંત્ર રેલવે ઉપર પણ આધારીત છે. રેલવે અર્થતંત્રના મુખ્ય આધાર તરીકે છે. જો અમે આ દિશામાં કામ કરીશું તો આર્થિક વિકાસ પણ વધશે. દેશમાં સૌથી મોટા વર્કફોર્સ તરીકે રહેલા રેલવેના સંદર્ભમાં પ્રભુએ કહ્યું હતું કે, રેલવેની ચિંતાને પણ ધ્યાનમાં લેવામાં આવશે. રેલવે યાત્રા પાછળ ઘણા બધા પરિબળો જોડાયેલા છે. રેલવેની સ્થિતિને સુધારવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. રેલવેને ઝડપથી વધુ શક્તિશાળી બનાવવાના હેતુસર ગૌડાની બદલીને હવે સુરેશ પ્રભુને મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

## સમાચાર ઝલક

- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકામાં ફરજીયાત મતદાન ગુજરાતમાં કરવું પડશે.
- શેરબજારમાં આગ ઝરતી તેજી.
- સોહરાબુદ્દીન કેસમાં મુંબઈ કોર્ટમાં મુદત વખતે હાજર ન રહેવા માટેની શ્રી અમીત શાહને મંજુરી મળી.
- વડોદરામાં સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪ વિદ્યાર્થીઓ ઉત્તરવહી લઈ ભાગી ગયા.
- વડોદરામાં પોલીસ કોલોનીમાં તસ્કરોએ પોતાનું લક્ષ્ય પૂર્ણ કર્યું.
- દિલ્હીના કારોલબાગમાં આશારામ બાપુના આશ્રમને તોડી પાડવા કોર્ટનો આદેશ.
- હવે ભાજપ સંગઠનમાં મોટા ફેરફારો થવાના એંધાણ.
- ગુજરાતના ધારાસભ્યો પોતાના મતવિસ્તારમાં ગામને દત્તક લેશે.
- બ્રિટીશ વખતની પાવાગઢના મહાકાળી મંદિરની વ્યવસ્થા સામે થયેલી રીટ હાઈકોર્ટે ફગાવી દીધી.
- સુરતમાં પરણીતાએ ૧૩મા માળેથી કૂદકો લગાવી આત્મહત્યા કરી.
- બજારમાં કોથમીરની કૃત્રિમ અછત : ૨૦૦ રૂપિયે કિલો

**મુડગલ કમિટીના અહેવાલ પર સુનાવણી કરાશે**

## સ્પોટ ફિક્સિંગ : શુક્રવારે વધુ સુનાવણી હાથ ધરવા નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશને હચમચાવી મુકનાર સટ્ટા અને સ્પોટ ફિક્સિંગના આક્ષેપોમાં તપાસ કરનાર મુડગલ કમિટીના અહેવાલમાં અભ્યાસ કરવાની વાત કરી હતી. સુપ્રીમ કોર્ટે મુડગલ કમિટીના અહેવાલના મામલે સુનાવણી શુક્રવારના દિવસે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. મુડગલ કમીટીના અહેવાલને જાહેર કરી શકાય છે કે કેમ તે મામલે ચકાસણી કરવામાં આવશે. સુનાવણી ચલાવતીવેળા જસ્ટીસ ટીએસ ઠાકુરના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, અહેવાલમાં હજુ ચકાસણી કરવામાં આવી નથી. આ જ કારણસર સમગ્ર મામલામાં હવે ૧૪મી નવેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે જસ્ટીસ મુડગલના નેતૃત્વમાં સમિતી દ્વારા સુપ્રત કરવામાં આવેલા અહેવાલમાં અભ્યાસ કરવા વધુ સમયની વાત કરી હતી. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલામાં તપાસ મુડગલ કમીટી દ્વારા કરવામાં આવી હતી. અરજીદાર અમિત વર્માએ ક્રિકેટની રમતના હિતમાં આ અહેવાલ જારી કરવાની માંગ કરી હતી. બીસીસીઆઈએ પણ પોતાની તરફથી રજુઆત કરી હતી અને કહ્યું હતું કે, ચુંટણી બિલકુલ નજીક આવી પહોંચી છે જેથી હાલ આવા કોઈ નિર્ણય ઉપર આગળ વધી શકાય નહીં. ૨૦મી નવેમ્બરના દિવસે એજીએમની બેઠક યોજાનાર છે. જો દોષિતની બાબત જાહેર ન થાય તો એન શ્રીનિવાસનને ભાગ લેવાની મંજુરી આપવી જોઈએ. જોકે કોર્ટે ચુંટણીમાં ભાગ લેવા પરવાનગી આપવા શ્રીનિવાસનને મંજુરી આપી નહતી. ત્રીજી નવેમ્બરના દિવસે મુડગલ કમીટી દ્વારા સુપ્રત કરવામાં આવેલા અંતિમ અહેવાલમાં આઈસીસીના ચેરમેન એન શ્રીનિવાસન જેવા ત્રણ મોટા નામ આપ્યા હતા. આચારસંહિતાના મુદ્દે ભારતીય કેપ્ટન ધોની પણ ચકાસણી હેઠળ છે. શ્રીનિવાસનના જમાઈ ગુરુનાથ પણ મુશ્કેલીમાં છે. આઈપીએલમાં તે સટ્ટા રમાડી રહ્યો હતો. મુડગલના પેનલમાં પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીનો સમાવેશ કરાયો છે. ફેબ્રુઆરી મહિનામાં અહેવાલ સીલ કવરમાં સુપ્રત કરાયો હતો જેમાં ૧૩ નામનો ઉલ્લેખ કરાયો હતો.

## મોસ્ટ વોન્ટેડ લાદેન ભયથી જ મરી ગયો હતો : અહેવાલ

વોશિંગ્ટન,તા. ૧૦

વિશ્વભરમાં અનેક હુમલાઓને કારણે ભારે દહેશત ફેલાવનાર મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી અલકાયદાનો લીડર ઓસામા બિન લાદેન ભયના કારણે જ મરી ગયો હતો. પાકિસ્તાનમાં વર્ષ ૨૦૧૧માં અલ કાયદાના લીડર લાદેનને દિલધડક ઓપરેશન પાર પાડીને અમેરિકાના કમાન્ડોએ મોતને ઘાટ ઉતારી દીધો હતો. લાદેનને પોતાની ગોળીઓથી મોતને ઘાટ ઉતરી દેનાર અમેરિકી નૌકા સેનાની સીલ કમાન્ડો ટીમના પૂર્વ સભ્ય દ્વારા આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. તેનુ કહેવુ છે કે લાદેન ડરના લીધે જ મરી ગયો હતો. તાજેતરમાં જ દુનિયાની સામે આવેલા રોબર્ટ ઓ નીલે કહ્યું છે કે તે લાદેન ડરના લીધે મરી ગયો હતો. તેને ખબર પડી ગઈ હતી કે તે હવે બચી શકશે નહી. આવી રીતે સમગ્ર ઓપરેશન પૂર્ણ કરાયું હતુ. ગયા સપ્તાહમાં તમામ બાબતો જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સીલ ટીમ અને પૂર્વ અધિકારીઓની પ્રતિક્રિયા આવી હતી. કેટલાકે કહ્યું હતું કે સીલ ટીમના કોઈ અન્ય સભ્યે લાદેનને મોતને ઘાટ ઉતારી દીધો હત. અત્રે ઉલ્લેખનીય છે કે મે ૨૦૧૧માં પાકિસ્તાનના એબટાબાદમાં અમેરિકાની નૌકા સેનાના ખાસ કમાન્ડોએ ઓપરેશન હાથ ધરીને લાદેનને મોતને ઘાટ ઉતારી દીધો હતો.